# સામાજિક વિજ્ઞાન ધોરણ 6 સત્ર 2

## Unit 2 ગુજરાતની: આબોહવા અને કુદરતી સંસાધનો

**પ્રશ્ન 1 યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 5 Mark]**

1 ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર ................................કટિબંધમાં છે.

2 દરેક રાજ્યના આર્થિક વિકાસનો મુખ્ય આધાર રાજ્યની............................સંપત્તિ છે.

3 .............................ગુજરાતની સૌથી મોટી નદી છે.

4 ગુજરાતના દરિયાકિનારાની લંબાઈ આશરે ..........................કિલોમીટર છે.

5 .................. ગુજરાતનું સૌથી મોટુ બંદર છે.

**પ્રશ્ન 2 નીચેનાં દરેક પ્રશ્નના ઉત્તરમાટે આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :** **[ 5 Mark]**

1 ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર કયા કટિબંધમાં આવે છે ?

[A] ઉષ્ણ કટિબંધ [B] મોસમી કટિબંધ

[C] શીત કટિબંધ [D] સમશીતોષ્ણ કટિબંધ

2 નીચેના પૈકી કઈ નદી અંતઃસ્થ નદી છે ?

[A] રૂપેણ [B] પૂર્ણા

[C] કંકાવતી [D] નર્મદા

3 દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલો છે ?

[A] જુનાગઢ [B] ભરુચ

[C] જામનગર [D] સુરત

4 નીચેના પૈકી કયું ખનીજ પેન્સિલ બનાવવામાં વપરાય છે ?

[A] ગ્રેફાઈટ [B] અકીક

[C] ગ્રેનાઈટ [D] બૉક્સાઈટ

5 ધરોઈ યોજના કઈ નદી પર આવેલી છે ?

[A] ઢાઢર [B] સરસ્વતી

[C] સાબરમતી [D] મહી

Piplava School

**પ્રશ્ન 3 બંધબેસતાં જોડકાં રચો :** **[ 5 Mark]**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| 1 ઉકાઈ યોજના | 1 મહી નદી |
| 2 કડાણા યોજના | 2 ભાદર નદી |
| 3 ધરોઈ યોજના | 3 તાપી નદી |
| 4 દાંતીવાડા યોજના | 4 બનાસ નદી |
| 5 સરદાર સરોવર યોજના | 5 સાબરમતી નદી |
| | 6 નર્મદા નદી |

**પ્રશ્ન 4 નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : [ 5 Mark]**

1 અભયારણ્યોમાં માનવીનાં માનવીના હરવાફરવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે.

2 ગુજરાતના દરિયાકિનારાનાં બંદરો પર મત્સ્ય ઉદ્યોગ વિકસ્યો છે.

3 મહુડાના લાકડાને લાંબા સમય સુધી ઊધઈ લાગતી નથી.

4 નળ સરોવર કચ્છ જિલ્લામાં આવેલું છે.

5 પેટ્રોલ અને ડીઝલ ખનીજ તેલમાંથી મળે છે.

Piplava School